## જન્મદિને વધામણી



પુનિતાબેન વાય જોષી



માનીતા
નિકુંજકુમાર ભાવસાર
મો. ૭૮૦૧૮ ૨૩૦૪૦

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફિરંગી
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કોકો (૩ડી, અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૪**
તેરા ઈંતઝાર
સવારે ૧૦.૦૦
જુલી-૨
૧.૦૦
તુમ્હારી સુલુ
૪.૦૦, ૭.૦૦
લવની ભવાઈ
૯.૩૦

**સ્ક્રીન-૫**
ફિરંગી
સવારે ૧૦.૦૦
તેરા ઈંતઝાર
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

# ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઑફ નર્સિંગ ખાતે એઈડ્સ જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગમાં બેઝીક બીએસસી નર્સિંગ અને જીએનએમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કૉલેજ કૅમ્પસમાં જ એઈડ્સ જાગૃતિ અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીટીઓ ડૉ. મીનાબેન ચૌહાણ, એઆરટી નોડલ ઓફિસર ડૉ. શશિ મુન્દ્રા, ડીપીએમસીસી ક્યુર જયસ્વાલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને એચઆઈવી વાઈરસ અને એઈડ્સ અંગે માહિતી આપી હતી.

કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિદ્યાર્થીઓએ માહિતીસભર પોસ્ટર્સ તૈયાર કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિન્સિપાલ મયુક જૈન, કૉલેજ સ્ટાફ અને ક્ષય કેન્દ્રના સ્ટાફે જહેમત ઊઠાવી હતી.

# પ્રૉ. જયંતિલાલ મકવાણા પીએચડી થયા



ગાંધીનગર, તા. ૫

માણસા કૉલેજમાં છેલ્લાં ૨૬ વર્ષથી ફરજરત અને ગાંધીનગર શહેરના રહેવાસી ઍસોસિએટ પ્રૉફેસર જયંતિલાલ મકવાણા પીએચડીની ઉપાધિ પામ્યા છે.

મયુરનગર, હળવદના વતની ડૉ. જયંતિલાલે બાલાસિનોર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. દિનેશભાઈ પી માછીના હાથ નીચે 'શ્રીમદ્ ભગવદ્ગીતામેં તત્વચિંતન - વિનોબા ભાવે કે વિશેષ સંદર્ભમેં' વિષયે મહાશોધ નિબંધ તૈયાર કર્યો હતો, જેને માન્ય રાખીને શ્રી જેજેટી યુનિવર્સિટી, રાજસ્થાન દ્વારા તેમને પીએચડીની ઉપાધિ આપવામાં આવી છે. એસડી આર્ટ્સ અને બીઆર કૉમર્સ કૉલેજ પરિવાર, માણસા દ્વારા ડૉ. જયંતિલાલ મકવાણાને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'પ્રતિષ્ઠા સમારોહ' યોજાયો






ગાંધીનગર, તા. ૫

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે તાજેતરમાં પ્રતિષ્ઠા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સ્ટેટેસ્ટિક બ્યુરોના ડેપ્યુટી ડિરેક્ટર અરવિંદસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ધ્વજ વંદનથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થી પરિષદના વિદ્યાર્થીઓએ માર્ચપાસ્ટ રજૂ કરી હતી અને મંચ પર આવ્યા બાદ વિદ્યાર્થીઓની આગેવાની કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

શાળાના કૅપ્ટન તરીકે માસ્ટર ઋતુરાજની નિયુક્તિ કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રથમ પરીક્ષામાં ઉજ્જવળ પરિણામો મેળવનારા તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રૉફી આપી સન્માનવામાં આવ્યા હતા.

# પાટનગરનું ગૌરવ : સાહિત્યકાર ભરત કવિ વિષયે સંશોધન


સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં
એમ.ફિલ.ની પદવી માટે પ્રસ્તુત કરવામાં આવેલ લઘુશોધનિબંધ
ભરતભાઈ કવિ : એક અધ્યયન
પ્રસ્તુતકર્તા
ગામીત ભાવેશકુમાર બી.
(એમ.એ., બી.એડ્.)
માર્ગદર્શક
ડૉ. અંબાદાન રોહડિયા
પ્રોફેસર,
ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ–૩૬૦ ૦૦૫
વર્ષ – ૨૦૧૬–૨૦૧૭

ગાંધીનગર, તા. ૫

પાટનગર પ્રકાશના તંત્રી, ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ અને નગરના જાણીતા સાહિત્યકાર, કવિ ભરત કવિ 'ઊર્મિલ' અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઍમફિલના એક વિદ્યાર્થી દ્વારા સંશોધન પ્રગટ કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના પ્રૉફેસર અંબાદાન રોહડિયાના માર્ગદર્શનમાં ભાવેશકુમાર બી ગામીત નામના વિદ્યાર્થીએ ઍમફિલની પદવી માટે આ લઘુશોધ નિબંધ તૈયાર કરીને યુનિવર્સિટીને સુપ્રત કર્યો છે. 'ભરત કવિ : એક અધ્યયન' શીર્ષકથી તૈયાર થયેલા આ લઘુશોધ નિબંધમાં ભરત કવિના સાહિત્ય જીવનની સઘળી વાતોને સમાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ભરત કવિની કવિતાઓ અવારનવાર અખબાર, મેગેઝિન્સમાં છપાતી રહે છે અને સોશિયલ મીડિયા પર પણ જોવા મળે છે. તાજેતરમાં રાધેશ્યામ શર્મા દ્વારા સાક્ષાત્કાર શ્રેણી અંતર્ગત સર્જિત પુસ્તક 'સાક્ષરનો સાક્ષાત્કાર'માં પણ એમને સ્થાન આપવામાં આવ્યું છે.

# વ્યાયામ શિક્ષક સ્વ. હેમચંદ્ર થોરાતને વિદ્યાર્થીઓ દ્વારા સ્મરણાંજલી અર્પણ



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સ્થાપનાકાળ વખતે માત્ર બે જ ઉચ્ચતર માધ્યમિક શાળા પૈકીની એક એટલે સેક્ટર-૧૬ની માધ્યમિક શાળા. એ જમાનામાં એ શાળા બે શિફ્ટમાં ચાલતી અને ત્રણેક હજાર જેટલા વિદ્યાર્થીઓ આ સરકારી શાળામાં અભ્યાસ કરતા હતા.

આ શાળામાં વિદ્યાર્થીઓના પ્રિય વ્યાયામ શિક્ષક એટલે સ્વ. એચ એસ થોરાત ઉર્ફે મેજર. એમણે આ શાળામાં ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, બાસ્કેટ બોલ, કુસ્તી, એથ્લેટીક્સની તાલીમ અનેક વિદ્યાર્થીઓને આપીને એમને રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાઓ સુધી પહોંચાડ્યા હતા. આ પૈકીના ઘણા ખેલાડીઓ સ્પોર્ટ્સ ક્વોટામાં નોકરી મેળવવામાં પણ સફળ રહ્યા હતા.

મેજરે શાળામાં માસ ડ્રીલ, લેઝીમ, ડંબેલ્સ, મગદળ, મલખાંભ જેવી ભારતીય રમતોને પણ પ્રિય બનાવી હતી. એમની શિસ્ત અને કડક સ્વભાવની વિદ્યાર્થીઓમાં ધાક હતી. સરકારમાં વર્ગ-૧ના પ્રમોશન સુધી પહોંચેલા મેજરે છેક સુધી રમતગમતને પ્રોત્સાહિત કરી ખેલાડીઓને સહાય કરી હતી. નિવૃત્તિ બાદ તેમણે હેમ હેલ્થ સેન્ટર નામે જિમની પણ સ્થાપના કરી હતી.

એમની વિદાયને પાંચ વર્ષ પૂર્ણ થતાં એમને સ્મરણાંજલી અર્પવા સેક્ટર-૧૬ની માધ્યમિક શાળા ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જાણીતા સંગીત કલાગુરુ પિનાકીનભાઈ વ્યાસે સંગીતસભર પ્રાર્થના અને હનુમાનચાલીસાનું ગાન કર્યું હતું. મેજરના દીકરા સંજય અને વિશાલ થોરાતે એમનાં અનેક સંસ્મરણો વાગોળ્યાં હતાં. મેજરના વિદ્યાર્થી અને હાલ પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીએ વિદ્યાર્થી જીવન દરમિયાનની યાદો અને રમતનું મહત્ત્વ સમજાવ્યું હતું. આચાર્ય ગઢવીસાહેબે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે મેજરના મિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧થી ૧૩ જાન્યુઆરી દરમિયાન અમદાવાદમાં 'સપ્તક' સમારોહ

ગાંધીનગર, તા. ૫

૧૩ દિવસ લાંબા ભારતીય શાસ્ત્રીય સંગીત સમારોહના કારણે અમદાવાદે સંગીત રસિકોમાં એક અનોખી છાપ ઊભી કરી છે. સતત તેર રાત્રિઓ સાથે અમદાવાદ સહિત અનેક વિદેશી સંગીત રસિકો શાસ્ત્રીય સંગીતના દિગ્ગજોને માણતા રહે છે. આ વર્ષે ૩૮મા વર્ષે ૧થી ૧૩ જાન્યુઆરી દરમિયાન સપ્તક દ્વારા સપ્તક એન્યુઅલ મ્યુઝિક ફેસ્ટિવલ યોજાશે. જેમાં પંડિત જસરાજ, પંડિત શિવકુમાર શર્મા, પં. હરિપ્રસાદ ચોરસિયા, ઉસ્તાદ અમઝદ અલી ખાન, ઉસ્તાદ શુજાત ખાન, પં. અજય ચક્રવર્તી, પં. છન્નુલાલ મિશ્રા, બેગમ પરવીણ સુલતાના, શુભા મુદગલ, પંડિત રાજન સાજન મિશ્રા અને ગુંદેચા બંધુઓ સહિતના અનેક કલાકારો આવશે. આ વખતે સપ્તકમાં શ્રોતાઓ કર્ણાટકી સંગીતને પણ જાણે અને માણે તે માટે અરૂણા સાંઈરામનું શાસ્ત્રીય ગાયન રજૂ થશે. ઉપરાંત ફરી તાલવાદ્ય કચેરી રજૂ થશે, જેમાં ફઝલ કુરેશી અને અન્ય કલાકારો તાલ વાદન રજૂ કરશે. ઓલ વીમેન્સ પર્ફોર્મન્સમાં અનુપમા ભાગવતનું સિતારવાદન, દેવોપ્રિયા ચેટર્જીનું વાંસળીવાદન અને અનુરાધા પાલનું તબલાવાદન રજૂ થશે. એ સિવાય આ વખતે ગિરિજા દેવીજીને શ્રદ્ધાંજલિ આપવા માટે છન્નુલાલ મિશ્રા, સુનંદા શર્મા તેમજ ગિરિજા દેવીજીના શિષ્યા માલિની અવસ્થી દ્વારા ઠુમરીઓ રજૂ કરવામાં આવશે.

સપ્તક સાથે અને પંડિત નંદન મહેતા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં ઉસ્તાદ શરાફત ખાન સાહેબને આ વખતનો સમારોહ સમર્પિત છે, જેના ભાગરૂપે તેમની ગાયન પેઢીના ત્રણ કલાકારો ઉસ્તાદ યાકુબખાન, ઉસ્તાદ શૌકતખાન અને ષડજ ઐય્યર તેમને શ્રદ્ધાંજલિ આપશે. તેમજ તેમની જીવનયાત્રા રજૂ કરતી સીડીનો સેટ પણ લૉંચ કરવામાં આવશે. તે ઉપરાંત લોકોને અને યુવા રસિકોને જુગલબંદીમાં વધુ રસ પડે છે, તો આ વખતે ૭થી ૮ જેટલી અલગ અલગ જુગલબંદી રજૂ થશે. તેમજ ગયા વખતની જેમ આ વખતે પણ સ્થાનિક નૃત્ય સંસ્થામાં સ્મિતા શાસ્ત્રીની કૂચીપુડી નૃત્યની પ્રસ્તુતિ થશે, પંડિત બીરજૂ મહારાજનું કથક રજૂ થશે.

## ઓમ કોમ્યુનિકેશન અને સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે

# ૮મીએ અમદાવાદમાં સાહિત્યિક વ્યાખ્યાન

## કવિ ઈન્દુલાલ ફુલચંદ ગાંધીના ૧૦૭મા જન્મદિન પ્રસંગે 'મેંદી રંગ લાગ્યો' શિર્ષક હેઠળ વ્યાખ્યાન



ગાંધીનગર, તા. ૫

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૮ ડિસેમ્બર ને શુક્રવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે એમ જે લાઈબ્રેરી, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે કવિ ઈન્દુલાલ ફુલચંદ ગાંધીના ૧૦૭મા જન્મદિન પ્રસંગે 'મેંદી રંગ લાગ્યો' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા પ્રાસંગિક ભૂમિકા રજૂ કરશે. ઈન્દુલાલ ગાંધીના જીવન-કવન વિશે અજયસિંહ ચૌહાણ અને ઈન્દુલાલ ગાંધીની કાવ્યસૃષ્ટિ વિશે સાહિત્યકાર બળવંત જાની વક્તવ્ય આપશે. ઈન્દુલાલ ગાંધીનાં કાવ્યો - આંધળી માનો કાગળ, મેંદી રંગ લાગ્યોનું ગાન જાણીતાં ગાયિકા નમ્રતા શોધન દ્વારા કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' કરશે. ભાષાપ્રેમી અને સાહિત્યરસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી.

# મારે આંગણે આનંદનો ઉત્સવ છતાં હું જ આનંદથી વંચિત




॥ ગતાંકથી ચાલુ ॥

શ્રીમદ ભાગવતમાં લખ્યું છે કે;
" એકાકી ના રમતે,
એકોહં બહુ સ્યામ'

અર્થાત એકાકી આનંદસ્વરૂપ હોવા છતાં આનંદનો આસ્વાદ ન લઈ શકે. તેથી પોતે જ એકમાંથી બહુ થાય છે. શ્રીમદ ભાગવતના આ કથન મુજબ વ્યક્તિને જે આનંદ સમૂહમાં મળે છે એ આનંદ એકાકી સ્વરૂપે મળતો નથી તેથી જ ઉત્સવોની અને પ્રસંગોની ઉજવણી પણ સમૂહમાં જ થતી હોય છે.

કેટલીક સિધ્ધિઓ, કેટલીક અનપેક્ષિત સફળતાઓ, કેટલીક વસ્તુઓ વ્યક્તિને સમૂહમાં મળતી હોય છે. એ સિધ્ધી અને વસ્તુઓ વ્યક્તિને પોતાને તો મળતી હોય છે સાથે સાથે અન્ય વ્યક્તિઓને પણ મળતી હોય છે. આવી સફળતાની ઉજવણી પણ સમૂહમાં થતી હોય છે. એ સમયે ઘણીવાર વ્યક્તિ એવું વિચારે છે કે "આ મને પ્રાપ્ત થયું એમાં શું? આ મને એકલાને થોડું મળ્યું છે? આ તો ઘણીબધી વ્યક્તિઓને પણ મળ્યુ છે." સિધ્ધી કે સફળતા વ્યક્તિને પોતાને એકને જ મળે તો પોતે તેનું ગૌરવ લઈ શકે, પોતે અન્ય લોકોથી કઈક જુદી પડે, પોતે બે વેંત ઊંચી ચાલી શકે પણ સમૂહમાં મળવાને કારણે વ્યક્તિને એવી લાગણીઓ નથી થતી આમ વ્યક્તિને જે પ્રાપ્ત થયું છે તે અન્ય વ્યક્તિઓને પણ પ્રાપ્ત થયું હોવાને કારણે વ્યક્તિ પોતે તેનો આનંદ માણી શકતી નથી.

કેટલીક વ્યક્તિઓને પોતાને મોટી સિધ્ધિઓ નથી મળી હોતી પણ પોતાની આસપાસની વ્યક્તિઓને મળેલી મોટી સિધ્ધિઓની સાક્ષી બની હોય છે. ક્યારેક એ લોકોના આનંદપ્રસંગના સહભાગી પણ બની હોય છે. આવું થાય પછી અન્ય વ્યક્તિઓને મળેલી આ પ્રકારની સિધ્ધિઓને પોતાના માટે પોતાના એક ચોક્કસ માપદંડ બનાવી દેતી હોય છે. સિધ્ધિઓ થકી આનંદ માણવા માટે વ્યકિત જ્યારે એક માપદંડ બનાવી લે છે ત્યાર પછી એ સિધ્ધિઓથી ઓછું કશુ પણ તેને આનંદ આપી શકતું નથી. તેનાથી જરાક પણ ઓછું મળે તો, જે કઈ મળ્યું હોય છે તેની ઓછપ જ લાગે છે અને મળ્યું તેનો પણ આનંદ લૂટી શકતી નથી.

એવી જ રીતે પોતાના કુટુંબ કે સ્નેહીજનો કે સંબંધીઓને ત્યાં કેટલાક શુભ પ્રસંગો કે તહેવારોની ભવ્ય ઉજવણીના સાક્ષી બનીને કેટલીકવાર આનંદને મનભરીને માણ્યો હોય છે. આવા ભવ્યાતિભવ્ય પ્રસંગોનો આનંદ માણ્યા પછી પોતાને ત્યાં જ એવા જ પ્રકારના નાના નાના પ્રસંગો અને તેની સાદગીભરી ઉજવણી તેને કદાચ પહેલા જેવો આનંદ આપી શકતી નથી કારણ કે પ્રસંગો અને તહેવારોની ઉજવણીની ભવ્યતા તેના આનંદ માણવાનો એક માપદંડ બની ગયા હોય છે.

સિદ્ધિઓ અને આનંદ સાપેક્ષ છે એ વાત સાચી પણ આ સાપેક્ષતા એક પ્રકારની માનસિકતા જ છે. આનંદ માણવાનો કે ના માણવાનો વ્યક્તિનો પોતાના મનથી નક્કી કરેલો એક માપદંડ છે. વ્યક્તિ આવું કરીને પોતાની જાતને બાંધી દે છે. પોતે જ સ્વીકારી લીધેલું આ પ્રકારનું બંધિયારપણું વ્યકિતને અનેક પ્રકારના આનંદ માણવાના પ્રસંગો સમયે વ્યક્તિને આનંદ માણતા રોકે છે. આનંદ માણવાનો વ્યક્તિનો આ પ્રકારનો માપદંડ જેમ જેમ ઊંચો થતો જાય છે એમ વ્યકિતના આનંદ માણવાના પ્રસંગો સિમીત થતાં જાય છે. લાંબો સમય જાય પછી વ્યકિતના જીવનમાં આનંદના પ્રસંગો એટલા ઓછા થઈ જાય છે કે વ્યક્તિ નું જીવન શુષ્ક બની જાય છે. વ્યક્તિ પોતે પણ બંધિયાર બની જાય છે. આનંદ માણવાના પ્રસંગોએ વ્યકિત પોતે આનંદ માણતા લોકો સાથે સમૂહમાં ભળીને આનંદ અભિવ્યક્ત કરી શકતી નથી એટલે એકલી અટૂલી પડી જાય છે. પોતાના આનંદના પ્રવાહને પોતે જ અટકાવી દે છે. ધીમે ધીમે પોતાના આનંદના વહેતા અવિરત સ્ત્રોત ને પોતે જ સૂકવી નાખે છે.

આનંદ મેળવવાના સ્ત્રોત સુકાઈ જાય પછી વ્યકિત આનંદના પ્રસંગો સમયે અન્ય લોકો મન ભરીને આનંદ માણતા હોય છે અને પોતે આનંદ ના માણી શકવાને કારણે મન ને મનમાં પીઃડાય છે, એ સમયે પોતે જ રહેંસાય છે અને માનસિક યાતના ભોગવે છે. એ પીઃડા, એ યાતના વ્યકિતની અંદર નકારાત્મક ભાવોને જાગૃત કરે છે. નકારાત્મક ભાવો જાગૃત થાય પછી નાની નાની સિધ્ધિઓ થકી આનંદ લૂંટતા લોકોની ઈર્ષ્યા કરવા લાગે છે. પ્રસંગોને ઉજાવવાની અને આનંદ માણવાની અન્ય લોકોની શૈલીની ટીકા કરવા લાગે છે. આમ થવાને કારણે વ્યકિતના માનવીય સંબંધોને વિપરીત અસર થાય છે. સારા સંબંધો બગડવા લાગે છે અને ધીરે ધીરે સંબંધો તૂટવા લાગે છે. પેલી યુવતી જેવા ગણ્યાગાંઠયા લોકો જ આ પ્રકારની માનસિકતાનો શિકાર બન્યા હોય છે એવું નથી. મોટાભાગના લોકો વધતે ઓછે અંશે આ પ્રકારની માનસિકતાથી પીડાતા હોય છે. આ પીડા અને યાતનામાથી બહાર નીકળવા માટે અભિગમ બદલવો જ રહ્યો. પોતાને મળેલી સિધ્ધીઓ નાની હોય કે મોટી, શુભ પ્રસંગ ગમે તેવો હોય, તહેવારની ઉજવણી કોઈ પણ પ્રકારે હોય, મળવા કે આનંદ કરવા માટે એકત્ર મિત્રો કે સગાસંબંધી બે હોય કે બાવીસ, બસ માણી શકાય એટલો અને લૂટી શકાય એટલો આનંદ નાના-મોટા પ્રસંગોમાથી લૂટતા રહીએ. અમૃત જેવા આનંદના સતત વહેતા સ્ત્રોતમાથી પીવાય એટલા ઘૂંટડા પીતા રહીએ અને તૃપ્ત થતાં રહીએ.

આપણે સૌ આપણી જાતનું આત્મવિશ્લેષણ કરીએ. આત્મખોજ કરીએ, આપણી પીડાના કારણો શોધીએ, આપણે પણ જો આ પ્રકારની માનસિકતાથી પીડાતા હોઈએ તો ધીમેધીમે એ માનસિકતામાથી બહાર નિકળવાનું જ રહ્યું.



# ૧૮મી ઓગસ્ટ સુધીમાં મેડિકલની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે

ગાંધીનગર, તા. ૫

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) દ્વારા આગામી વર્ષે મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટેની સમયમર્યાદામાં ધરખમ ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬માં કાઉન્સિલ દ્વારા ૩૦મી સપ્ટેમ્બર સુધીની સમયમર્યાદા આપવામાં આવી હતી. હવે દરેક રાજયોએ આગામી વર્ષે મેડિકલ કોલેજોએ તા.૧૮મી ઓગસ્ટ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવાની રહેશે. જો કે, ડીમ્ડ યુનિવર્સિટીઓને પોતાની મેડિકલની બેઠકો ભરવા માટે ૩૧મી ઓગસ્ટ સુધીની સમયમર્યાદા આપવામાં આવી છે. આમ, આગામી વર્ષે હવે કોલેજોએ ઓનલાઈન પ્રવેશના ત્રણ રાઉન્ડ ૧૮મી ઓગસ્ટ સુધીમાં પુરા કરી દેવાના રહેશે.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની તાજેતરમાં એક્ઝિક્યુટિવ કા?ઉન્સિલની બેઠક મળી હતી. આ બેઠકમાં મેડિકલની પ્રવેશ પ્રક્રિયા કેવી રીતે વહેલી પૂર્ણ કરી શકાય તે અંગેના મહત્વના નિર્ણયો કરાયા હતા. જેમાં હાલમાં દરેક રાજયોને મેડિકલમાં પ્રવેશની પ્રક્રિયા ૩૧મી ઓગસ્ટ અને ડીમ્ડ યુનિવર્સિટી અને ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો માટે ૭મી સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે.

જેમાં મહત્વના ફેરફાર કરીને હવે પહેલો રાઉન્ડ ઓલ ઈન્ડિયા અને ડીમ્ડ યુનિવર્સિટીઓએ ૧૨મી જૂનથી ૨૪મી જૂનની વચ્ચે પુરો કરી દેવાનો રહેશે. જયારે રાજયની મેડિકલ કોલેજોમાં પહેલો રાઉન્ડ ૨૫મી જૂનથી ૫મી જૂલાઈ વચ્ચે પુરો કરવો પડશે.

યુ. જી. મેડિકલમાં પ્રવેશ માટે ૧૦મી મે સુધીમાં નીટ પૂર્ણ કરવાની રહેશે. આ નીટનું પરિણામ જૂનના પ્રથમ સપ્તાહમાં જાહેર કરવાનું રહેશે. જેના આધારે ૧૨ જૂનથી ડીમ્ડ યુનિ. અને ઓલ ઈન્ડિયા કવોટા માટે મેડિકલની પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાશે.

કાર્યવાહી પૂર્ણ કરી દેવાની રહેશે. જયારે રાજયોની મેડિકલ કોલેજોએ ૧૨મી જુલાઈ સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. બીજો રાઉન્ડ ડીમ્ડ -ઓલ ઈન્ડિયાની બેઠકો માટે ૬ જુલાઈથી ૧૨ જુલાઈ સબમિશન માટે ૨૨મી જુલાઈ જયારે રાજયની કોલેજો માટે ૧૫મી જુલાઈથી ૨૬મી જુલાઈ સબમિશન માટે ૩ ઓગસ્ટ રહેશે.